ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## MSUમાં મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ એક્ઝામ ભવનનું રાજમાતાના હસ્તે લોકાર્પણ




વડોદરા : વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે મહારાજા પ્રતાપસિંહ રાવ ગાયકવાડ એક્ઝામ ભવનનું લોકાર્પણ રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડના હસ્તે કરવામાં આવ્યું હતું. વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે નવનિર્મિત મહારાજા પ્રતાપસિંહ રાવ ગાયકવાડ એક્ઝામ ભવનનું ભવ્ય લોકાર્પણ એમ એસ.યુનિવર્સિટીના ચાન્સેલર રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાઈસ ચાન્સેલર પ્રોફેસર ભાલચંદ્ર ભાણગે પણ હાજર રહ્યા હતા. લોકાર્પણ પ્રસંગે યુનિવર્સિટીના તમામ ફેકલ્ટીના ડીન, પ્રોફેસરો, વહીવટી અધિકારીઓ અને યુનિવર્સિટીના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ નવું એક્ઝામ ભુવન યુનિવર્સિટીની 16 ફેકલ્ટીની પરીક્ષા વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત, પારદર્શક અને આધુનિક બનાવવામાં એક મોકાનું યોગદાન આપશે.

## હિરાબાનગર ખાતે 25માં વર્ષે રામદેવ પીરની નેજા યાત્રા યોજાઇ,રામાપીરનો વરઘોડો નિકળ્યો



વડોદરા : શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત જૂના બાપોદ જકાતનાકા ખાતે આવેલા હિરાબાનગર સોસાયટી ખાતે ભરવાડ સમાજ તથા રબારી સમાજ દ્વારા છેલ્લા 25 વર્ષોથી રામાપીરના નવરાત્ર બાદ આઠમના રોજ ગંગાનાથ બાપુના ત્યાંથી નેજા લાવવામાં આવે છે અને આઠમની રાત્રે ભજન કિર્તન કરવામાં આવે છે તે જ પરંપરા મુજબ ભરવાડ સમાજ તથા રબારી સમાજના આગેવાનો ભોજાભાઈ ધુળાભાઇ ભરવાડ, વિક્રમભાઇ ધુળાભાઇ ભરવાડ તથા કરસનભાઇ સવાભાઇ રબારીની આગેવાનીમાં શહેરના હિરાબાનગર થી વાઘોડિયા ચોકડી પાસે આવેલા રામદેવ પીરના મંદિર સુધી નેજા યાત્રા નિકળી હતી અને વાઘોડિયા ચોકડી પાસે આવેલા ગંગાનાથ બાપુ દ્વારા સ્થાપિત રામદેવ પીરના મંદિર ખાતે નેજા ચઢાવાઇ હતી.આવતીકાલે મંગળવારે રામદેવ પીરનો વરઘોડો નીકળશે જે વાઘોડિયા ચોકડી થી વૈકુંઠ ચારરસ્તા સુધી આ વરઘોડામાં ગંગાનાથ બાપુ, સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો સ્થાનિક કાઉન્સિલરો સહિત મોટી સંખ્યામાં ભરવાડ સમાજ, રબારી સમાજ સહિતના શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેશે.

## SBI દ્વારા વડોદરા પોલીસને ટ્રાફિક પોલીસ તથા ટીઆરબીના જવાનો માટે આધુનિક વાહનની ભેટ




વડોદરા : શહેર ટ્રાફિક પોલીસ અને ટીઆરબી જવાનો ખડેપગે ફરજ બજાવતા હોય છે. ખાસ કરીને ઉનાળાની ગરમીમાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ અને ટીઆરબીના જવાનોને સનસ્ટ્રોક તથા ગરમી સામે રક્ષણ મળે તે માટે પાણી,છાસ વિગેરે દરેક ટ્રાફિક જંક્શન પર પહોંચી શકે તે માટે આધુનિક, વાતાનુકૂલિત ટ્રાન્સપોર્ટેશન વ્હિકલ જરૂરી હતું ત્યારે આજરોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ટ્રાફિક પોલીસ અને ટીઆરબીના જવાનોને દરેક જંકશન સુધી ઠંડું પાણી,છાસ વિગેરેનું વિતરણ કરી શકાય તેવા આધુનિક વાહનની ભેટ આપવામાં આવી હતી. બેંકિંગ સેવાની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિ ના ભાગરૂપે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના વડોદરા શહેર મહાપ્રબંધક તથા અધિકારીઓ દ્વારા પોલીસ ભવન ખાતે શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારને આ આધુનિક વાહનની ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર મામલે રજૂઆત કરનાર વિદ્યાર્થી પર ફરિયાદ કરવા આડકતરી રીતે દબાણ

# SSGમાં પરીક્ષામાં રૂપિયા લઇ ચોરી કરાવવા મુદ્દે તપાસ કમિટી નિમાઇ

**4 શંકાસ્પદ** સર્વન્ટની તપાસ સાથે સીસીટીવી ફૂટેજ તથા અન્ય વિદ્યાર્થીઓની પૂછપરછ

**એક મહિલા** પ્રોફેસરે આ વિદ્યાર્થીને ફરિયાદ કરવા સોશિયલ મીડિયા થકી મેસેજ કર્યો




(પ્રતિનિધિ) વડોદરા તા.02

શહેરના એસ.એસ.જી. હોસ્પિટલમાં સર્વન્ટ દ્વારા પૈસા લઈને મેડિકલના વિધ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી કરાવવાના એક વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો સાથેની રજૂઆત બાદ એસ.એસ. જી.હોસ્પિટલમા ખળભળાટ મચી ગયો છે બીજી તરફ મેડિકલ સ્ટુડન્ટ પર ફરિયાદ કરવા દબાણ આડકતરી રીતે કરવામાં આવી રહ્યું છે.

મધ્ય ગુજરાત ની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ગત તા.28 ઓગસ્ટના રોજ યુનિવર્સિટી દ્વારા વાર્ષિક પરીક્ષા લેવામાં આવી હતી તે દરમિયાન અંદાજે 250 જેટલા મેડિકલ સ્ટુડન્ટ્સ દ્વારા આ પરીક્ષા આપવામાં આવી હતી જેમાં સર્વન્ટ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી રૂ.200 લેખે રોકડ તથા ઓનલાઈન રકમ લઈને પરીક્ષામાં ગેરરીતી આચરવામાં મદદ કરી હોવાના મામલે MBBS ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિધ્યાર્થી દ્વારા યુનિવર્સિટી તથા પ્રોફેસરોને રજૂઆત કરવામાં આવી હતી જેમાં તે વિધ્યાર્થી દ્વારા વર્ગખંડ બહાર લ સીસીટીવી ફૂટેજ ની તપાસ તથા વિધ્યાર્થીઓના મોબાઈલ ફોન અને સર્વન્ટના મોબાઈલ ફોન ની તપાસ ની માંગણી કરી હતી પરંતુ યુનિવર્સિટી તથા પ્રોફેસરોએ આ મામલે ચૂપકીદી સેવી લીધી હતી અને કોઈ જવાબ ન આપતાં આખરે વિધ્યાર્થીએ ડીન ને રજૂઆત કરી હતી. આ સમગ્ર મામલે મંગળવારે ડીન અને સુપ્રિટેન્ડેન્ટ ડો.રંજન ઐયર દ્વારા એક તપાસ કમિટી નીમવામાં આવી હોવાનું તથા તપાસ કમિટી ને સીસીટીવી કેમેરા તેમજ જરુરી તપાસ કરી અહેવાલ રજૂ કરવા ની સૂચના અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે ચાર શંકાસ્પદ વર્ગ -4 ના સર્વન્ટ ની તપાસ હાથ ધરવામાં આવી છે જેમાં પૂરાવાઓ મળતાં જ તેઓને પાણીચું અપાય તેવી શક્યતા છે પરંતુ સમગ્ર મામલે અંદરખાને હિલચાલ શરૂ કરાઈ છે જેથી સમગ્ર મામલો બહાર જાય નહિ તેની તકેદારી રાખવામાં આવી રહી છે. બીજી તરફ આ સમગ્ર મામલે રજૂઆત કરનાર મેડિકલ ના વિધ્યાર્થીને કેટલાક સિનિયર વિધ્યાર્થીઓ દ્વારા સમગ્ર મામલે આગળ ન વધવા માટે આડકતરી રીતે દબાણ કરવામાં આવી રહ્યું છે સાથે જ એક મહિલા પ્રોફેસર દ્વારા આ વિધ્યાર્થીને ફરિયાદ કરવા સોશિયલ મીડિયા થકી મેસેજ કરવામાં આવી રહ્યું છે.

### હજી પણ રાત્રે અને ક્યારેક દિવસમાં ડ્રગ્સ, શરાબ અને ગાંજો બેરોકટોક આવતો હોવાની માહિતી

મેડિકલના વિદ્યાર્થી દ્વારા અન્ય ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે જેમાં એસ.એસ.જી. હોસ્પિટલમાં મેડિકલ કોલેજમાં બોય્ઝ હોસ્ટેલમાં બેરોકટોક રાત્રે અને ક્યારેક તો દિવસ દરમ્યાન ડ્રગ્સ,શરાબ, ગાંજો આવી રહ્યો છે જેનું સેવન મેડિકલ સ્ટુડન્ટ્સ કરી રહ્યા છે. એક તરફ છેલ્લા ઘણા સમયથી હોસ્પિટલમાં કેટલાક સીસીટીવી કેમેરા બંધ હાલતમાં છે અને રજસ એન્ટરપ્રાઇઝ નામના કોન્ટ્રાકટરના અંડરમાં રાત્રે ઘણા સિક્યુરિટી ગાર્ડ નશો કરેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. અહીં રાત્રે હોસ્પિટલ પરિસરમાં જ સિક્યુરિટીની રહેમ નજર હેઠળ દ્વિચક્રી વાહન, ઓટો રીક્ષા તથા કેટલીકવાર ફોર વ્હીલર મારફતે મોડી રાત્રે શરાબ આવે છે જેનું કટિંગ થતું હોય છે કારણ કે આટલી મોટી હોસ્પિટલમાં પોલીસને પણ શંકા ન જાય તેનો ગેરલાભ કેટલાક ઇસમો દ્વારા બિઝનેસ કરાય છે અને સમગ્ર મામલે રજસ એન્ટરપ્રાઇઝની સિક્યુરિટીના કર્મીઓ અજાણ હોય તે માનવું અશક્ય છે. જો સિક્યુરિટી તથા પોલીસ દ્વારા અહીં તટસ્થ બંદોબસ્ત સાથે તપાસ કરવામાં આવતી હોત તો હોસ્ટેલમાં ડ્રગ્સ,શરાબ, ગાંજો પહોંચી જ કેવી રીતે?

### કોન્ટ્રાકટર રજસ એન્ટરપ્રાઇઝ યોગ્ય પગાર નહીં આપતા સર્વન્ટોને પૈસા લેવાની જરૂર પડે છે તેવી ચર્ચા

કોન્ટ્રાકટ હેઠળના વર્ગ 4 ના કર્મચારીઓ વચ્ચે મંગળવારે એવી પણ ચર્ચા ચાલી હતી કે, કોન્ટ્રાકટર દ્વારા યોગ્ય પગાર આપવામાં આવે તો શા માટે વિદ્યાર્થીઓ પાસેથી રૂ.200 લેખે લેવાની જરૂર પડે?આડકતરી રીતે રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટર દ્વારા વર્ગ 4 ના કર્મચારીઓ ને સમયસર પગાર ન કરી શોષણ કરાતું હોવાની તથા સારું કામ કરનાર કે ખોટી નીતિનો વિરોધ કરનાર કર્મીઓને કાઢી મૂકવામાં આવતા હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

પગાર પ્રશ્ને હડતાળ પર ઉતરી કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો

# રેલવે ડીઆરએમ કચેરી ખાતે સાફ સફાઈ કર્મીઓ આંદોલનના માર્ગે

**500 રૂ.** રોજને બદલે નવા પેટા કોન્ટ્રાકટર દ્વારા 300 રૂ.આપી શોષણ કરવામાં આવતું હોવાના આક્ષેપ



( પ્રતિનિધી )વડોદરા,તા.2

વડોદરા શહેરના પ્રતાપનગર રેલ્વે ડીઆરએમની કચેરી ખાતે વર્ષોથી ફરજ અદા કરનાર સાફ-સફાઈ કર્મચારીઓએ નવા કોન્ટ્રાક્ટર અને પગાર પ્રશ્ને હડતાલ પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો.જુના કોન્ટ્રાકટર દ્વારા 500 રૂ.રોજ આપવામાં આવતો હતો.જોકે કોન્ટ્રાકટ બદલાતા નવા કોન્ટ્રાકટમાં પેટા કોન્ટ્રાકટર દ્વારા માંગણી મુજબ પગાર નહીં અપાતા અને ઉડાઉ જવાબ આપતા કર્મચારીઓએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. શહેરના પ્રતાપ નગર રેલવે ડીઆરએમ કચેરી ખાતે હાઉસ કીપિંગ ના કર્મચારીઓની પડતર માંગણીઓ સંતોષવામાં નહીં આવતા છેલ્લા બે દિવસથી હડતાલના માર્ગે ઉતર્યા છે. પહેલી તારીખથી કોન્ટ્રાક્ટ બદલાયો છે અને ઈન્દોરની એક કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. અગાઉના કોન્ટ્રાક્ટર દ્વારા સાફ-સફાઈના કર્મચારીઓને રૂ.500 રોજ આપવામાં આવતો હતો. જો કે, હવે નવા પેટા કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર 300 રૂ.રોજ આપવાનું કહેવામાં આવી રહ્યું છે. સાથે જ નોકરી કરવી હોય તો કરો નહીં તો છુટા થાવ તેઓ ઉડાઉ જવાબ આપવામાં આવી રહ્યો છે. જેના કારણે કર્મચારીઓમાં નવા કોન્ટ્રાક્ટર સામે ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે. સાફ-સફાઈના કર્મચારીઓ છેલ્લા ઘણા વર્ષોથી પોતાની ફરજદા કરી રહ્યા છે. કોરોના કાળ જેવી કપરી પરિસ્થિતિમાં પણ રાત દિવસ સાફ-સફાઈ કર્મચારીઓએ પોતાની મહત્વની ફરજ અદા કરી છે, તેમ છતાં આજે નવા કોન્ટ્રાક્ટર દ્વારા તેમની માંગણી સંતોષવામાં નહીં આવતા હડતાલના ત્રીજા દિવસે કર્મચારીઓએ એકત્ર થઈને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

મજબૂતિકરણ કાર્ય પૂરું થાય ત્યાં સુધી કાર્યરત રહેશે આ વ્યવસ્થા

# નર્મદાભવન-કુબેરભવન બિલ્ડિંગ મજબૂતીકરણ કાર્યથી સરકારી કચેરીઓનું તાત્કાલિક સ્થળાંતર

**હંગામી** ધોરણે અલગ-અલગ સ્થળોએ ખસેડવાનું કલેક્ટરનું આદેશ

(પ્રતિનિધી) વડોદરા, તા.2

વડોદરા જિલ્લાના નર્મદાભવન તથા કુબેરભવન બિલ્ડિંગોની બાંધકામ મજબૂત કરવાની કામગીરી આગામી સમયમાં શહેરી માર્ગ અને મકાન વિભાગ વડોદરા દ્વારા હાથ ધરવામાં આવેલા છે. આ કામગીરીમાં બિલ્ડિંગના સ્તંભો, બીમ્સ, સ્લેબ અને અન્ય ખૂણાઓનું મજબૂતિકરણ કરાશે જેથી કરીને સ્ટ્રક્ચરના કાર્યો સુરક્ષિત રીતે ચાલી શકે. આ બિલ્ડિંગોની મજબૂતાઇ કામગીરી ચાલી રહ્યામાં, નર્મદાભવન અને કુબેરભવનમાં કાર્યરત સરકારી કચેરીઓને ત્યાં સુધી તાત્કાલિક હંગામી ધોરણે, કલેક્ટર દ્વારા આપેલા હુકમ અનુસાર, નીચે દર્શાવેલી વૈકલ્પિક જગ્યાઓ પર સ્થળાંતર કરવામાં આવશેઃ આ સ્થળાંતર સમયગાળો તાત્કાલિક તથા હંગામી ધોરણે કરવામાં આવશે, જેથી બિલ્ડિંગની મજબૂતિકરણ કામગીરી દરમિયાન કાર્યમાં વિક્ષેપ ન આવે.

### કચેરીઓને ફાળવવામાં આવેલી જગ્યા

૧)જનસેવા કેન્દ્ર, - પેસ્ટીસાઇડ લેબોરેટરી, પંડયા બ્રિજ પાસે, વડોદરા
૨) જિલ્લા બાળ સુરક્ષા એકમ - માહિતી ખાતું(ત્રીજો માળ)
૩)નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી વિભાગ-૧, - કલેક્ટર ઓફિસ
૪) નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડયુટી વિભાગ-૨, કલેક્ટર ઓફિસ
૫) ના. કલેક્ટર વડોદરા શહેર(બુલેટ ટ્રેન), - પ્રાંત કચેરી, વડોદરા શહેર
૬) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી - સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
૭)જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, - સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ
૮) ૧૪૪- રાવપુરા મતદારયાદી- કોઠી કચેરી
૯) જિલ્લા રજીસ્ટ્રાર સ.મ., - એ.પી.એમ. (બરોડ ડેરી)
૧૦) જમીન સંપાદન અધિકારીની કચેરી, દિલ્હી-વડોદરા એક્સપ્રેસ-વે - પ્રાંત કચેરી, વડોદરા ગ્રામ્ય
૧૧) જિ. સમાજ સુરક્ષાની કચેરી, - ખાદી ગ્રામોદ્યોગ ભવન(ચોથો માળ)
૧૨) મામલતદાર (પૂર્વ), ઝોનલ કચેરી નં.૨ - પેસ્ટીસાઈડ લેબોરેટરી, પંડયા બ્રિજ પાસે,
૧૩) મામલતદાર (પૂર્વ)ની કચેર - પેસ્ટીસાઈડ લેબોરેટરી, પંડયા બ્રિજ
૧૪) મામલતદાર (પૂર્વ), ઝોનલ કચેરી નં.૪ -પેસ્ટીસાઈડ લેબોરેટરી, પંડયા બ્રિજ પાસે,
૧૫) મામલતદાર (પૂર્વ), ઝોનલ કચેરી નં.૧ - પેસ્ટીસાઈડ લેબોરેટરી, પંડયા બ્રિજ પાસે,

સ્વામિનારાયણ મંદિર અટલાદરામાં ઉદઘોષ સભા યોજાઇ

# ગુરુ ભક્તિ ગુરુ ઋણ અદા કરવાનો અમૂલ્ય અવસર




(પ્રતિનિધી) વડોદરા, તા.2

વર્ષ ૧૯૯૭માં વડોદરા ખાતે પ્રમુખસ્વામી મહારાજની ૭૭ મી જન્મ જયંતી ઉજવવામાં આવી હતી ત્યાર બાદ ૨૮ વર્ષ પછી વડોદરાના આંગણે પ્રગટ ગુરૂહરિની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં વિશેષતઃ સર્વ પ્રથમ વખત પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજની ૯૨મી જન્મ જયંતી આગામી ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. પાંચ મહિના બાદ ભવ્યતા અને દિવ્યતા પૂર્વક ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની હાજરીમાં ઊજવાનાર આ જન્મ જયંતીની બે તબક્કામાં રવિવાર તથા સોમવારે બીએપીએસ શ્રીસ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે આયોજિત ઉદઘોષ સભા ( કિક ઓફ સેરેમની સભા)માં શહેર અને જિલ્લાના માનનીય સાંસદ તથા ધારાસભ્યો સહ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં આઉટસોર્સનો વ્યાપ વધ્યો

# કાયમી સ્ટાફને બાજુ પર રાખી આઉટસોર્સ એજન્સીના 10 કર્મીઓને મહત્વના વિભાગોમાં કમગીરી સોંપાઇ

**ટેન્ડર** સહિતના સંવેદનશીલ કામ આઉટસોર્સ કંપનીના સ્ટાફને સોંપી દેવાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.2

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં હવે મહત્વના વિભાગોની કામગીરી પણ આઉટસોર્સિંગ મારફતે કરાવવાનો નિર્ણય લેવાયો છે. ખાસ કરીને જ્યાં ટેકનિકલ સ્ટાફની જરૂર છે તેવા વિભાગોમાં પણ આઉટસોર્સ કંપનીના માણસોને કામ સોંપવામાં આવ્યા છે. અગાઉ આ વિભાગોમાં કાયમી કર્મીઓ ફરજ બજાવતા હતા. પરંતુ હાલ ભરતી કે ટેકનિકલ સ્ટાફને પ્રમોશન આપવાને બદલે 10 વિભાગોમાં ત્રણ અલગ અલગ આઉટસોર્સ કંપનીના કર્મચારીઓને જવાબદારી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, જી.ટી. એજન્સીના 5 માણસો, પી.ડબલ્યુ.સી. એજન્સીના 3 માણસો અને ડિલોઇટ એજન્સીના 2 માણસો એમ કુલ 10 આઉટસોર્સ કંપનીના કર્મચારીઓ હાલ વિવિધ હોદ્દાઓ પર કાર્યરત છે. આ કર્મચારીઓને પોતાની હાલની જવાબદારી સિવાય અન્ય વિભાગોની વધારાની કામગીરી પણ સોંપી દેવામાં આવી છે. જો કે, તેઓ કયા પ્રકારનું કામકાજ સંભાળશે તેની કોઈ સત્તાવાર સ્પષ્ટતા વિભાગ દ્વારા કરાઈ નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, આ કર્મચારીઓ જે વિભાગમાં કામગીરી સોંપાઈ છે તે વિભાગમાં ખૂબ જ મહત્વના કામકાજ કરશે. મહત્વનું એ છે કે ટેન્ડર જેવા સંવેદનશીલ અને મહત્વના વિભાગોમાં પણ આઉટસોર્સ એજન્સીના માણસોને કામો સોંપી દેવાયા છે. જેના કારણે વર્ષોથી આ વિભાગમાં કામ કરતા અને સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતા સ્ટાફમાં અસંતોષ ફેલાયો છે. તેઓને યોગ્ય સમયે પ્રમોશન ન આપીને બહારની એજન્સીના માણસો પર નિર્ભરતા રાખવામાં આવી છે. વિભાગના કાયમી કર્મચારીઓમાં ચર્ચા ચાલી રહી છે કે આ પ્રકારની વ્યવસ્થા તેમના હકો પર આકરા પ્રહાર સમાન છે. કારણ કે લાંબા સમયથી સેવા બજાવ્યા છતાં તેમને પ્રમોશન મળ્યું નથી અને હવે તેઓના વિભાગીય કાર્યો પણ આઉટસોર્સ કર્મચારીઓ સંભાળશે. આથી અંદરખાને નારાજગીનું વાતાવરણ ઊભું થયું છે.

### આઉટસોર્સ એજન્સી કર્મચારીઓને વિભાગમાં ફક્ત કામગીરી સોંપાઇ છે, હોદ્દો અપાયો નથી

આ અમારો આંતરિક મામલો છે. જે નિમણૂકો અપાઈ છે એ કર્મીઓ પહેલેથી જ અમારા સાથે કામગીરી કરી રહ્યા છે. પ્રમોશનનો કોઈ મુદ્દો આમાં નથી. એજન્સીના કર્મીઓને ફક્ત વિભાગમાં કામગીરી સોંપાઈ છે કોઈ હોદ્દો આપ્યો નથી.**અમિત ગામિત, ઓફિસર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત**

## હત્યા કેસમાં બે આરોપીઓનો નિર્દોષ છૂટકારો

(પ્રતિનિધી) વડોદરા, તા.2

વર્ષ 2020 માં કપૂરાઇ ખાતે રહેતા અને શહેરના વાઘોડિયા રોડ પર આવેલા અંબે વિધાલયમાં ધોરણ 10મા અભ્યાસ કરતા અંકિત પ્રજાપતિનો મૃતદેહ દેણા ગામ પાસેથી મળી આવ્યો હતો આ સમગ્ર મામલે મૃતકની માતા દ્વારા અપહરણ અને હત્યાની ફરિયાદ કરવામાં આવી હતી જેમાં બે પુખ્ત તથા એક સગીર વિરુદ્ધ ફરિયાદ નોધાઇ હતી આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ ધર્મેશ દુબે તથા એડવોકેટ એસ.એચ.પટેલ દ્વારા જરુરી દસ્તાવેજી અને અન્ય પુરાવાઓ સાથે કરવામાં આવેલી દલીલો,રજૂઆતોને ધ્યાનમાં રાખીને આઠમા એડિશનલ સેશન્સ જજ ની કોર્ટ દ્વારા બંને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હૂકમ કર્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, અપહરણ અને હત્યાના કેસમાં બે પુખ્ત આરોપીઓ અને એક સગીરની અટકાયત કરવામાં આવી હતી. સમગ્ર કેસમાં સમગ્ર મામલે યોમ ઉર્ફે અનિલ હમીરભાઇ ભરવાડ રહે. ન્યૂ વીઆઇપી રોડ તથા દીલીપભાઇ હમીરભાઇ ભરવાડ રહે ન્યૂ વીઆઇપી રોડ તથા એક સગીર વિરુદ્ધ અપહરણ અને હત્યાની ફરિયાદ નોધાઇ હતી આ કેસમાં શંકાનો લાભ આપી નિર્દોષ છોડવાનો કોર્ટે હુકમ કર્યો છે.

## શિક્ષણ સહાયક ભરતી 2024 અન્વયે ઉમેદવારને સુધારેલ નિમણૂક હુકમ આપવા આદેશ

(પ્રતિનિધી) વડોદરા, તા.2

રાજ્યની સરકારી બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી 2024 અન્વયે નિમણુંક પામેલા ઉમેદવારોના નિમણુંક હુકમમાં હાઈકોર્ટમાં થયેલી હીયરીંગમાં મળેલા આદેશ મુજબ ચુકાદાને આધીન રહેશે સાથે શરત ઉમેરી સુધારો કરી પુનઃ નિમણુંક હુકમ આપવા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને રાજ્યના સંયુક્ત શિક્ષણ નિયામક દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.

રાજ્યની સરકારી,બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી - 2024 અન્વયે નિમણુક પામેલા ઉમેદવારોના નિમણૂક હુકમમાં શાળા ફાળવણીપત્ર,ભલામણપત્ર,નિમણૂક હુકમ નામ.હાઈકોર્ટના આખરી ચુકાદાને આધિન રહેશે. તે મુજબની સૂચના સંદર્ભ દર્શિતપત્ર-01 થી આપવામાં આવી હતી. પરંતુ, નામ. ગુજરાત હાઇકોર્ટમાં તા.1 સપ્ટેમ્બરના રોજ થયેલી હીયરીંગમાં મળેલ આદેશ મુજબ સદર નિમણૂક નામદાર હાઇકોર્ટના ચૂકાદાને આધિન રહેશે.

HDFC BANK
We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**

શાખા : એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭. CIN L70100MH1977PLC019916 વેબસાઈટ: www.hdfc.com

**પઝેશન કમ ખાનગી વસ્તુઓ / ઘરગથ્થુ સામાન દૂર કરવા માટેની નોટીસ**

જ્યારે એચડીએફસી બેંક લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર (અગાઉની એચડીએફસી લિમિટેડે ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા માનનીય એનસીએલટી - મુંબઇ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી), સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ("કથિત એક્ટ") હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેણે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં નીચેના ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને તેમના નામ સામે ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખ કર્યા મુજબના દરો, ઉપરોક્ત નોટિસ/ની તારીખથી ૬૦ દિવસની અંદર, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચુકવણીની તારીખ અને / અથવા અનુભૂતિની તારીખ સુધી.

| ક્રમ નં. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી પરમાર ચંદ્રસિંહ (ઋણલેનાર) શ્રીમતી પરમાર નીલમબેન (સહ-ઋણલેનાર) 175435 - 675942402 | ૩૧.૦૭.૨૦૨૪ ના રોજ રૂ. ૧૮,૪૭,૨૪૬/- બાકી | ૦૯.૦૯.૨૦૨૪ | ૩૧.૦૮.૨૦૨૫ ફિઝિકલ | ફ્લેટ-૨૦૨, બીજો માળ, મીટ રેસિડેન્સી, ટાવર-એ (વિંગ-એ), એસ નં. ૪૧૬, એફ પી - ૬૯, ટી પી - ૪૪, ભવનની પાર્ટી પ્લોટની સામે, વંદે રેસિડેન્સી પાસે, રિલાયન્સ ફ્રેશ લેન, વાઘોડિયા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ સાથે, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.

અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.

પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે નીચે સહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

તદુપરાંત, ઉક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ (ઓ) નો કબજો લેતી વખતે, એચડીએફસીના અધિકૃત અધિકારીએ તેમાં વ્યક્તિગત સામાન અને ઘરગથ્થુ ચીજવસ્તુઓની યાદી તૈયાર કરી છે, જેની નકલ ઓફિસના સમય દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે અન્ડરસહી કરેલી પાસેથી એકત્રિત કરી શકાય છે.

આ સંજોગોમાં ઉપરોક્ત ઋણલેનાર (ઓ)/કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ)ને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ)/સિક્યોર્ડ એસેટ (ઓ)માં પડેલો અંગત સામાન/ઘરગથ્થુ ચીજવસ્તુઓને અહીંની તારીખથી 10 (દસ) દિવસની અંદર તાત્કાલિક દૂર કરવા માટે નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવાથી અધિકૃત અધિકારી પાસે વ્યક્તિગત ચીજવસ્તુઓ/ઘરગથ્થુ ચીજવસ્તુઓ દૂર કરવા અને તેને યોગ્ય લાગે તે રીતે તેનો નિકાલ કરવા/તેની સાથે વ્યવહાર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેશે નહીં. સંપૂર્ણપણે ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) પર ખર્ચ અને પરિણામો અંગેના જોખમ પર, જે સંજોગોમાં, ભવિષ્યમાં આ સંબંધમાં કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહીં.

એચડીએફસી બેંક લિ.
તારીખ : ૦૨.૦૯.૨૦૨૫ સહી/-
સ્થળ : વડોદરા નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે) અધિકૃત અધિકારી

રજિસ્ટર્ડ ઓફિસ: હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રેમન હાઉસ, એચ.ટી.પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રિક્લેમેશન, ચર્ચગેટ, મુંબઇ

DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે ભરુચ અને સુરત ગ્રામ્ય વર્તુળ કચેરીઓ હેઠળ આવતા રાજપીપળા અને બારડોલી વિભાગીય કચેરી હેઠળ ના ૬૬ કેવી સાગબારા સબ-સ્ટેશન, ૬૬ કેવી સાદરાપાની સબ સ્ટેશન અને ૬૬ કેવી ચીકડા સબ સ્ટેશન થી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ 07.09.2025 થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી હાલનું ગ્રુપ | હાલનો ગ્રુપનો સમય | અમલમાં આવતા ગ્રુપનું નામ | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૬૬ કેવી સાગબારા સબ સ્ટેશન | ૧૧ કેવી દાબકા એજી ફિડર | DN1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૨ | નર્મદા | | ૧૧ કેવી તેલિયામ્બા એજી ફિડર | DN1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૩ | નર્મદા | | ૧૧ કેવી ટકાકડી આંબા એજી ફિડર | DN2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૪ | નર્મદા | | ૧૧ કેવી નરવાદી એજી ફિડર | DN2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૫ | નર્મદા | | ૧૧ કેવી ગોદડા એજી ફિડર | DN2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૬ | સુરત | ૬૬ કેવી સાદરાપાની સબ સ્ટેશન | ૧૧ કેવી વેલાવી એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૭ | સુરત | | ૧૧ કેવી ધનાવાદ એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૮ | નર્મદા | ૬૬ કેવી ચીકડા સબ સ્ટેશન | ૧૧ કેવી ગોપાલિયા એજી ફિડર | DN1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૯ | નર્મદા | | ૧૧ કેવી ખેડવાન એજી ફિડર | DN2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |
| ૧૦ | નર્મદા | | ૧૧ કેવી કાકરપાડા એજી ફિડર | DN2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DNG | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |

(શ્રી બી.કે. પટેલ), વિશેષ મુખ્ય ઇજનેર (સી. એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ, સુરત

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો